# ભૂગર્ભજલીય ખડકોની સમજ કેળવીએ

તમારા ગામના કૂવામાં
કેવા પ્રકારના ખડકો છે
એ જાણીને તમે ખારાશને
નાથવાનાં સચોટ પગલાં
લઈ શકશો



COASTAL SALINITY PREVENTION CELL
Kharash Vistarotthan Yojana

Scanned by CamScanner

## ખારાશની સમસ્યા સામે વિકલ્પો ઊભા કરવામાં મદદરૂપ માહિતી

ગુજરાતના ૧,૬૦૦ કિલોમીટર લાંબા દરિયાકાંઠામાંથી ૧,૧૨૫ કિલોમીટરનો દરિયાકાંઠો સૌરાષ્ટ્ર અને કચ્છનો છે. સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠા વિસ્તારમાં ખારાશ વધતી જાય છે જેની સામાન્ય જનજીવન ઉપર ઘેરી અસર પડી રહી છે. કુલ દસ લાખથી વધુ જનજીવન ખારાશની સમસ્યાઓથી અસરગ્રસ્ત છે. વધતી ખારાશને કારણે ખેતીની ઉત્પાદક્તા અને ગુણવત્તા પણ ધીરે ધીરે હવે ઘટતી જાય છે. લગભગ ૩૨,૭૫૦ કૂવાઓમાં પાણીની ગુણવત્તા બગડી છે અને આશરે ૭,૦૦,૧૨૦ હેક્ટર જમીનમાં મીઠા પાણીના અભાવે ખેતી બગડી છે. ભૂગર્ભજળનો ઉપયોગી જથ્થો ઘટી રહ્યો છે અને ખારાશનું અતિક્રમણ દિવસે દિવસે આગળ વધી રહ્યું છે. ખારાશની સમસ્યાઓનો સામનો કરવા માટે ખેતી વ્યવસ્થાપનમાં બદલાવ, રિચાર્જ સ્ટ્રક્ચર, ખારાશ અટકાવવાની તકનીકો, રિક્લેમેશન સાથે ભૂસ્તર જલિય પાસાંઓને સમજીએ તો ખારાશની સમસ્યાને હલ કરવાનું ઘણું સરળ બને.

ખારાશની સમસ્યા સામે લડવા માટે વિસ્તારની ભૂસ્તરીય રચના અને લાક્ષણિક્તાની માહિતી હોવી જરૂરી છે. સીએસપીસી દ્વારા આ માહિતીપત્રિકા માં ભૂસ્તરીય રચના અને લાક્ષણિક્તાઓને સરળ ભાષાઓમાં વણી લેવામાં આવ્યા છે. સામાન્ય વ્યક્તિ પણ સરળતાથી આ બધી માહિતી સમજી શકે એવો પ્રયાસ અહીં કરવામાં આવેલો છે. સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠા વિસ્તારની ભૂગર્ભજલિય લાક્ષણિક્તા દર્શાવતી આ માહિતી વિકાસના ક્ષેત્રોમાં કાર્ય કરતા લોકો, ખેડૂતો, નિણર્યાત્મક ભૂમિકા ધરાવતા લોકો માટે પથદર્શક બની રહેશે તેમ જ આ માહિતી ખારાશની સમસ્યા સામે વિકલ્પો ઊભા કરવામાં મદદરૂપ થઇ શકશે. ભવિષ્યમાં ગ્રામસ્તરે સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપન કરવામાં આ માહિતીપુસ્તિકા ઉપયોગી થાય તેવી આશા છે.

### કોસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ

કોસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ (સીએસપીસી) એ સેક્શન ૨૫ હેઠળ રજિસ્ટર્ડ સંસ્થા છે. સીએસપીસી આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ (ઇન્ડિયા), સર રતન ટાટા ટ્રસ્ટ અને અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસથી દરિયાકાંઠા વિસ્તારમાં વધતી ખારાશની સમસ્યાની અસરો ઓછી કરવા પ્રયત્નશીલ છે. હાલ સંસ્થા ગુજરાતના દરિયાકાંઠાનાં ૪૫૦ ગામોમાં પીવાના પાણી, ખેતી અને ભૂગર્ભજળ સંચાલનના કાર્યક્રમો ચલાવી રહી છે. આ માટે જરૂરી નાણાંકીય સહયોગ 'ખારાશ વિસ્તારોત્થાન યોજના' અંતર્ગત સર રતન ટાટા ટ્રસ્ટ તેમ જ વાસ્મો (ગુજરાત સરકારનો ઉપક્રમ) થકી મળી રહેલ છે. સીએસપીસી ગુજરાત રાજ્યના સિંચાઇ વિભાગ અન્વયે ચાલતા સેલિનિટી ઇન્ગ્રેસ પ્રિવેન્શન સર્કલ (એસઆઈપીસી) દ્વારા સેલ તરીકે માન્યતા પ્રાપ્ત સંસ્થા છે.

**આ વિષય અંગે આપના અભિપ્રાય આવકાર્ય છે.**

COASTAL SALINITY PREVENTION CELL
Kharash Vistarotthan Yojana

**કોસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ**
૨૩, યોગાશ્રમ સોસાયટી, કેન્યુગ એપાર્ટમેન્ટ્સ સામે, શ્યામલ રોડ,
આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫, ગુજરાત, ભારત.
ટેલિફેક્સ : +૯૧-૭૯-૨૬૬૦ ૪૯૬૯
Email: info@cspc.org.in, Website: www.cspc.org.in

અભ્યાસ : એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિસ, ભુજ

સહયોગ : સર રતન ટાટા ટ્રસ્ટ

www.aalekhan.com

Scanned by CamScanner